ગાંધીનગર સમાચાર
તા. ૧૮-૪-૨૦૧૫, શનિવાર

તંત્રી સ્થાનેથી....

કાશ્મીર : ભાજપની હિમાલય જેવડી ભૂલ

જમ્મુ અને કાશ્મીરમાં પીડીપી-ભાજપની યુતિ સરકાર બન્યા પછી અલગતાવાદી તત્ત્વોને છૂટો દોર મળી ગયો હોય એવી સ્થિતિ પ્રવર્તી રહી છે. ભાજપની નેતાગીરી પણ પીડીપી સાથે સત્તામાં ભાગીદારી કરીને ભારે મૂંઝવણભરી સ્થિતિમાં મુકાઇ ગઇ છે. મુફ્તી મહંમદ સઇદ નીવડેલા રાજપુરુષ ખરા, પરંતુ એમનું અલગતાવાદીઓ તરફનું નરમ વલણ પહેલાંથી જાણીતું હતું. તેઓ પાકિસ્તાન તરફી ગિલાની કે યાસીન મલિક જેવા નેતાઓના સહયોગને લીધે જ કાશ્મીર ખીણ વિસ્તારમાં અબ્દુલ્લા પરિવારના સામે ઝીંક ઝીલી શક્યા હતા. ભાજપને કાશ્મીરમાં યેનકેન પ્રકારેણ સત્તા હાંસલ કરવાની ચળ ઊપડી હતી, જે એકલા હાથે તદ્દન અશક્ય બાબત હતી. મોદીનો જાદુ દેશમાં અન્ય રાજયોમાં જ નહીં, દુનિયાના ફલક પર ચાલતો જોઇ શકાય છે, પરંતુ કાશ્મીર ખીણમાં એમને સંપૂર્ણ જાકારો મળ્યો હતો. જમ્મુના હિંદુ બહુલ વિસ્તારમાં જ ભાજપ ધારી સફળતા મેળવી શક્યું હતું. પરિણામે જમ્મુ અને કાશ્મીરમાં ખંડિત જનાદેશ સાંપડતાં ભાજપ માટે પીડીપી સાથે ગઠબંધન કર્યા વગર સત્તામાં ભાગીદારી કરવાનું સપનું રોળાઇ જાય એમ હતું. આખરે મુફ્તી મહંમદ સઇદની શરતોને આધીન સમાધાનની ફોર્મ્યુલા રચાઇ હતી અને વર્તમાન ગઠબંધન સરકાર અસ્તિત્વમાં આવી હતી. પરંતુ પીડીપી સાથે હથેવાળો કરીને મોદી અને ભાજપને નરી નામોશી જ હાંસલ થઇ છે, તે રાજય સરકારની અત્યાર સુધીની કામગીરી જોતાં સ્પષ્ટ વરતાઇ રહ્યું છે. મસર્રત આલમ જેવા દેશદ્રોહી તત્વની જેલમુક્તિ, એના બેફામ ભારતવિરોધી ઉચ્ચારણો, કાશ્મીર પર પાકિસ્તાનનો કુદરતી અધિકાર હોવાનું નિવેદન, જાહેરમાં 'હમારી જાન, પાકિસ્તાન' કે પાકિસ્તાન જિંદાબાદ' જેવા બેફામ સૂત્રોચ્ચારો પછી અને જાહેર રેલી યોજીને કાશ્મીરમાં પાક ઝંડા ફરકાવવા સુધીનાં દેશવિરોધી વલણો છતાં કેન્દ્ર સરકારના પેટનું પાણી હાલી શકતું નથી, તે શું સૂચવે છે? રાજનાથસિંહની વિનવણી પછી મસર્રત અને ગિલાનીને એમનાં ઘરમાં નજરકેદ કરાયા છે, અને છેલ્લે દિલ્હીના દબાણ હેઠળ દેખાવ પૂરતો મસર્રતને ગિરફ્તાર કરાયો છે તે શું પૂરતું ગણાય? દેશદ્રોહની કલમ લગાવીને આવાં તત્વોને સખત કેદની કાળાપાણી જેવી સજા થવી જોઇએ એને બદલે એમને રાજય સરકાર મહેમાનની જેમ માથે ચડાવતું રહેશે તો ભવિષ્યમાં કાશ્મીર પ્રશ્ને ભારતના હક્કદાવા સામે પ્રશ્નાર્થો જ ઊભા થવાના છે. યુનોમાં લટકતા કાશ્મીરના પ્રશ્નનો આટલાં વર્ષો સુધી નિકાલ આવી શક્યો નથી ત્યારે મુફ્તીની ભાજપ સમર્થિત સરકાર તો ઊલટાની આવાં તત્ત્વોને પ્રોત્સાહન જ પૂરું પાડતી હોય એવો ઘાટ રચાયો છે. મોદી આજકાલ દેશ-વિદેશમાં અંગત કરિશ્મા પાથરી ધૂમ મચાવી રહ્યા છે અને ઓબામા જેવા વિશ્વનેતા એમની પ્રશંસા કરતાં થાકતા નથી ત્યારે ઘર આંગણે કાશ્મીર મુદ્દે કેન્દ્ર સરકાર જે ભાંગરો વાટી રહી છે, તેનો જવાબ આપવો ભારે પડશે - એમ નથી લાગતું?

બ્લ્યૂ બબલ્સ અને જીઈ-ક્લબ દ્વારા ૨૦મીથી કલા તાલીમ શિબિર

કરાટે, નાટક, રાજસ્થાની ડાન્સ અને વેસ્ટર્ન ડાન્સની તાલીમ સવારના સમયે અને ડ્રોઈંગ, મહેંદી, ગ્લાસ પેઈન્ટીંગ તથા રાસની તાલીમ સાંજના સમયે અપાશે

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર શહેરમાં નૃત્ય, નાટ્ય જેવી રંગમંચલક્ષી પ્રવૃત્તિની તાલીમ માટે બ્લ્યુ બબલ્સ એકેડેમી દ્વારા અનોખા પ્રયાસ પ્રતિવર્ષ કરાય છે. જીઈ-કલ્બ અને બ્લ્યુ બબલ્સ દ્વારા બાળકોની સર્જનાત્મક અને આંતરિક કલાશક્તિને વિકસાવવાના અભિગમને પ્રચંડ પ્રતિસાદ મળતો હોય છે.

બ્લ્યૂ બબલ્સ એકેડમી ઓફ આર્ટસ અને જી ઈ ક્લબ દ્વારા કલા તાલીમ શિબિરનું આયોજન આગામી તા. ૨૦એપ્રિલથી કરવામાં આવ્યું છે.

શિબિર સંયોજક કશ્યપ નિમાવતે આ અંગેની વિગતો આપતાં જણાવ્યું હતું કે સર્જનશીલ બાળકો-યુવાનો વેકેશનના સમયનો સદુપયોગ કરી શકે અને પોતાની પસંદગીની કલાની વ્યવસ્થિત તાલીમ મેળવી કલાભિમુખ બની શકે તે હેતુથી નગરના રજિ. ચેરીટેબલ ટ્રસ્ટ જી ઈ ક્લબ દ્વારા વર્ષ ૧૯૯૯ થી કલા તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવે છે, જેમાં પ્રતિ વર્ષ મોટી સંખ્યામાં તાલીમાર્થીઓ ભાગ લે છે. ચાર વર્ષથી નગરની કલા તાલીમ સંસ્થા બ્લ્યૂ બબલ્સ એકેડેમી પણ આ સર્જનશીલ અભિગમમાં જોડાઈ છે. બંને સંસ્થાઓ દ્વારા રંગમંચલક્ષી કલાઓ ઉપરાંત લલિતકલાઓની તાલીમ પણ બાળકો-યુવાનોને કલા તાલીમ શિબિર દરમ્યાન આપવામાં આવે છે.

આ વખતે કલા તાલીમ શિબિરનું આયોજન તા. ૨૦થી ૩૦ એપ્રિલ દરમ્યાન મહિલા સિવણ ક્લાસ, પ્લોટ નં. ૪૦૦, પોલીસ ચોકી લેન, સેક્ટર-૨૨ ખાતે કરવામાં આવ્યું છે. શિબિર દરમ્યાન અનુભવી નિષ્ણાતો દ્વારા વિવિધ કલાની તાલીમ સવાર અને સાંજના સમય દરમ્યાન આપવામાં આવશે. કરાટે, નાટક, રાજસ્થાની ડાન્સ અને વેસ્ટર્ન ડાન્સની તાલીમ સવારના સમયે અને ડ્રોઈંગ, મહેંદી, ગ્લાસ પેઈન્ટીંગ તથા રાસની તાલીમ સાંજના સમય દરમ્યાન આપવામાં આવશે. સફળતાપૂર્વક શિબિર પૂર્ણ કરનાર તાલીમાર્થીને સંસ્થા તરફથી પ્રમાણપત્ર આપવામાં આવશે.

શિબિરમાં પ્રવેશ મેળવવા હેતુ સાંજે ૪ થી ૬ દરમ્યાન મહિલા સિવણ ક્લાસ ખાતે અથવા કશ્યપ નિમાવતનો મોબાઈલ નં. ૯૮૨૪૧૬૦૪૭૪ ના માધ્યમથી સંપર્ક કરવા તેમણે વધુમાં જણાવ્યું છે.

હરિની દૃષ્ટિ...

બહેન અમે પણ 'મેક ઇન ઇન્ડિયા'માં ભાગ ભજવીએ છીએ... બહારથી તડબૂચ લાવીએ... કલરનું ઇન્જેકશન, મીઠાશનું ઇન્જેકશન.. મારી અમે પણ જોડાઈ ગયા છે..!!

પક્ષીઓનો કલરવ ગુંજતો રાખવા પાણીના કુંડાનું વિતરણ કરાશે

ગાંધીનગર, તા. ૧૭

અંગદઝાડતી ગરમીમાં અબોલ જીવો માટે શ્રી રામમિત્ર મંડળ દ્વારા પક્ષી બચાવ અભિયાન ચલાવવામાં આવે છે. પક્ષીઓના કલેજે ઠંડક થાય તે માટે પાણીના કુંડા વિતરણ કરવામાં આવશે.

આગામી ૧૯ એપ્રિલ રવિવાર સવારે ૯ થી સાંજના ૬ કલાક દરમિયાન સેક્ટર-૨૧ ફટાકડા બજાર ખાતે શ્રી રામ મિત્રમંડળ દ્વારા પાણીના કુંડા વિતરણ કરવામાં આવશે. છેલ્લા છ વર્ષથી પીઆ માટે પાણીના કુંડા વિતરણ કરી રહ્યા છે.

વિજયભાઈ શર્મા, પરાગ પટેલ, અમીત ગૌડ, તિર્થરાજસિંહ જાડેજા, પક્ષીઓ બચાવવા અભિયાન હાથ ધરી રહ્યા છે. કાળઝાળ ગરમીમાં પક્ષીઓ પાણી વિના મોતને ભેટે છે. નગરજનોને આ અભિયાનમાં સાથ આપી પાણીના કુંડા લગાવવા અપીલ કરવામાં આવી છે. શહેરમાં જો દસ ઘર દીઠ એક પાણીનું કુંડુ હશે તો ચોક્કસ આ નગરમાં પક્ષીઓનો કલરવ સંભળાશે.

ડૉ. પ્રશાંત મેરજાની સ્મૃતિમાં મોરબી ખાતે સર્વ રોગ સેવા કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા.૧૭

ડૉ. પ્રશાંત મેરજા ફાઉન્ડેશનના ઉપક્રમે આગામી તા. ૧૯-૪-૨૦૧૫ને રવિવારે સવારે ૮ થી ૧ વાગ્યા સુધી મોરબીમાં સામા કાંઠે આવેલ રામધન આશ્રમ ખાતે સર્વ રોગ નિદાન-સારવાર અને વિના મૂલ્યે દવાની સુવિધા સાથેના મેડીકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.જેનો જરૂરીયાતમંદ દર્દીઓને બહોળો લાભ લેવા કેમ્પ આયોજક શ્રી બી.એ. ગામીએ અનુરોધ કર્યો છે. આ કેમ્પને રામધન આશ્રમનાં મહંત ભાવેશ્વરીબેન ખુલ્લો મુકશે તેમની સાથે મોરબીના અનેક સામાજિક અગ્રણીઓ જોડાશે.

મોરબીના જાહેર અગ્રણી બ્રિજેશ મેરજાના પુત્ર ડૉ. પ્રશાંત મેરજાનું ૭ વર્ષ પહેલા માર્ગ અકસ્માતમાં ભર યુવાનીમાં અકાળે નિધન થતાં તેમની સ્મૃતિમાં સ્થાપેલ ડૉ. પ્રશાંત મેરજા ફાઉન્ડેશન મારફતે શૈક્ષણિક ક્ષેત્રે એવોર્ડ એનાયત, ખેલકુદ સ્પર્ધા, પ્રતિભા શોધ, વિખ્યાત વકતાઓના વ્યાખ્યાન જેવી અનેકાવિધ પ્રવૃત્તિઓ થી માનવસેવાનો સિલસિલો મેરજા પરિવારે છેલ્લા સાત વર્ષથી જાળવી રાખ્યો છે. આ મેડીકલ કેમ્પમાં મોરબીના નામાંકિત ડોકટરો, જનરલ તથા ચેસ્ટ ફીજીશ્યન ડૉ. ભાવીન ગામી, હાડકાનાં રોગના સ્પેશ્યાલીસ્ટ ડૉ. વિનોદ કેલા, ચામડીના રોગના નિષ્ણાત ડૉ.જયેશ શનારીયા, સ્ત્રી રોગ નિષ્ણાત ડૉ. કૃષ્ણ ચગ, જનરલ સર્જન ડૉ. અમીત ગામી, બાળરોગના સ્પેશ્યાલીસ્ટ ડૉ. જયેશ બોરસાલીયા, ડેન્ટલ સર્જન ડૉ. મનોજ કેલા વિગેરે દર્દીઓને તપાસીને જરુરી સારવાર આપવા સેવારત રહેશે. ડૉ. પ્રશાંત મેરજા ફાઉન્ડેશન દ્વારા દર્દીઓને વિના મૂલ્યે દવા અને સારવારના ફોલોઅપની સુવિધા પણ આપશે. તો ગરીબ દર્દીઓ આ દર્દીનારાયણ સેવા યજ્ઞનો બહોળો લાભ લે તે માટે આયોજન કરેલ છે.

કડવા પાટીદાર સમાજનો વડીલ વંદના સમારોહ યોજાશે

કડવા પાટીદાર ૪૨ સમાજ કલોલ દ્વારા વડીલ વંદના સમારોહ યોજવામાં આવશે. આગામી તા. ૧૯ એપ્રિલ રવિવાર સવારે ૮.૩૦ થી ૧૨.૩૦ કલાક દરમિયાન કલોલ તાલુકાના ભાદોલ સ્થિત ઉમિયા માતાજી મંદિર વાડી ખાતે સમારોહ યોજાશે. જેમાં સમાજના વડીલ દાદા દાદીનું સન્માન કરવામાં આવશે. આ પ્રસંગે સ્મૃતિગ્રંથની વિમોચન વિધિ કરવામાં આવશે. કાર્યક્રમમાં જીવભાઈ પટેલ પૂર્વ સાંસદ, મથુરદાસ પટેલ, મહંતશ્રી દુર્ગાપ્રસાદજી મહારાજ, અમૃતલાલ પટેલ, વલ્લભભાઈ પટેલ-ચેરમેન કડી વિદ્યાલય સહિત સમાજના અગ્રણીઓ અને જ્ઞાતિજનો ઉપસ્થિત રહેશે.

રવિવારે સફળ બાળ ઉછેર અંગે પરિક્ષિત જોબનપુત્રાનું વ્યાખ્યાન

બાળકોને ટીવી, કોમ્પ્યુટર ગેમ્સ, વ્હોટસએપ અને ફેસબુક જેવા વળગણથી કેવી રીતે મુક્ત રાખવા તે અંગે માર્ગદર્શન આપશે

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગરના ટોપ એજ્યુકેશન દ્વારા તા. ૧૯મી એપ્રિલ, રવિવારે સે. ૧૭ના ટાઉનહોલ ખાતે દશાબ્દી ઉજવણીનું આયોજન કર્યુ છે. આ નિમિત્તે જાણીતા ચાઈલ્સ સાઈકોલોજી સ્પેશ્યાલીસ્ટ પરિક્ષિત જોબનપુત્રા 'તમારા બાળકને ઓળખો - સફળ બાળ ઉછેર' વિષય પર વ્યાખ્યાન આપશે. આ વ્યાખ્યાન સાંજે ૪ થી ૭ વાગ્યા દરમ્યાન યોજાશે.

ટોપ એજ્યુકેશને શૈક્ષણિક ક્ષેત્રે ૧૦ વર્ષ પુરા કર્યા છે તેની ઉજવણીના ભાગરૂપે વિવિધ સેમિનારનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ અંતર્ગત જાણીતા લાઈફ મેનેજમેન્ટ કોચ અને બાળમાનસ નિષ્ણાંત પરિક્ષિત જોબનપુત્રાના વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું છે. આ વ્યાખ્યાનમાં તેઓ વિદ્યાર્થીઓને ધ્યેય હાંસલ કરવા અંગે માર્ગદર્શન આપશે તેમજ વાલીઓને તેમના બાળકની માનસિકતા સમજાવવા બાળકના શૈક્ષણિક ઘડતરમાં કેવી રીતે મદદરૂપ થવુ તેમજ બાળકોના ટીવી, કોમ્પ્યુટર ગેમ્સ, વ્હોટસએપ કે ફેસબુકના વળગણથી કેવી રીતે બચાવવા તે અંગે માર્ગદર્શન આપશે.

૧૨ વિદ્યાર્થી ત્રણ વર્ષ સુધી હવે પરીક્ષા નહીં આપી શકે

ઉત્તરવહી કૌભાંડ મામલે ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી દ્વારા લાંલ આખ કરવામાં આવી છે. જીટીયુની આચાર સમિતિએ આ મામલે ૧૨ વિદ્યાર્થીઓને દોષીત જાહેર કરીને તેમનાં ઉપર ત્રણ વર્ષનો પ્રતિબંધ મૂકી દીધો છે. આ વિદ્યાર્થીઓ હવે આગામી ત્રણ વર્ષ સુધી જીટીયુની કોઈપણ પ્રકારની પરીક્ષામાં ભાગ લઈ શકશે નહી. પ્રાપ્ત થતી માહીતી મુજબ ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી દ્વારા ડીસેમ્બર-૨૦૧૪માં ઝોનવાઈઝ પરીક્ષા લેવામાં આવી હતી. આ પરીક્ષા દરમિયાન સાઉદ ઝોનની કોલેજોમાં લેવાયેલી પરીક્ષામાં પરીક્ષાની ઉત્તરવહીઓ વિદ્યાર્થીઓ સુધી પહોંચાડી તેમાં સુધારો કરતો હોવાનું કૌભાંડ સામે આવ્યું હતું. આ કૌભાંડમાં પકડાયેલા તમામ ૧૨ વિદ્યાર્થીઓને જીટીયુ દ્વારા આચર સહિતની બેઠકમાં હાજર રહેવા માટે ફરમાન કર્યુ હતું. આજે યોજાયેલ આચાર સહિતાની બેઠકમાં જીટીયુની આચાર સમિતી દ્વારા ઉત્તરવહી કૌભાંડમાં પકડાયેલ તમામ ૧૨ વિદ્યાર્થીઓનો પક્ષ અને તેમની સામેના આક્ષેપો સાંભળવામાં આવ્યા હતા.

આજથી આત્મન્ અભિવ્યકિત બાળ શિબિર આરંભાશે

ગાંધીનગર, તા.૧૭

પ્રતિ વર્ષ આત્મન્ અભિવ્યકિત બાળ શિબિરનું આત્મન્ ફાઉન્ડેશન દ્વારા આયોજન કરવામાં આવે છે. વેકેશનના સમયમાં બાળકો જ્ઞાન સાથે ગમ્મતની, પોતાને મનગમતી વિવિધ પ્રવૃત્તિ કરી શકે તે હેતુથી તદ્દન ખુલ્લા-નૈસર્ગિક સ્થળે ત્રણ દિવસની આ શિબિર યોજવામાં આવે છે. જેમાં વિવિધ શાળાના બાળકો ભાગ લેતા હોય છે. આ વર્ષે તા. ૧૮, ૧૯, ૨૦ શનિ-રવિ-સોમ એપ્રિલ ૨૦૧૫ દરમિયાન આ શિબિર જવાહરલાલ નહેરુ વનૌષધિ ઉદ્યાન, સરકીટ હાઉસ પાછળ, સે-૨૦ નજીક યોજાઈ રહી છે. આ શિબિરમાં બાળકોને બ્રિધિંગ એકસરસાઈઝ, બાળગીત-વાર્તા, નાટક-અભિનય, ચિત્રકામ, પેપરક્રાફટ, વિજ્ઞાનના પ્રયોગો, માઈન્ડ પાવર-મનની શકિત-યાદદાસ્તની પ્રવૃત્તિ-નૃત્ય વગેરે પ્રવૃત્તિઓ કરાવવામાં આવશે. શિબિરનો સમય સવારના ૯.૩૦ થી સાંજના ૬.૦૦ વાગ્યા સુધીનો રહે છે. સતત ૧૯મા વર્ષે આ બાળ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. વિવિધ તજજ્ઞો બાળકોને માર્ગદર્શન આપનાર છે.

દલિતસેનાએ બાબાસાહેબના જન્મદિવસે ફિઝીયોથેરાપી કેમ્પ યોજ્યો

ગાંધીનગર જિલ્લા દલિતસેના દ્વારા ડૉ. બાબાસાહેબ આંબેડકર જન્મ જયંતિ નિમિત્તે નિઃશુલ્ક ફિઝીયોથેરાપી કેમ્પ યોજવામાં આવ્યો હતો. કેમ્પમાં ડૉ. કૃપા રાઠોડ અને ડૉ. મેઘલ રાઠોડે સેવા આપી હતી. કેમ્પમાં ૩૪ દર્દીઓએ તપાસ કરાવી હતી. આ કાર્યક્રમમાં ડૉ. નીતિન અનજાન, એલ.એન. પરમાર, એન.વી. પરમાર મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. સેનાના બાબુભાઈ મેસરવાલા, રમેશભાઈ વાણીયા, દિનકરભાઈ પરમાર સહિત મોટી સંખ્યામાં જ્ઞાતિજનો ઉપસ્થિત રહ્યા હતા.

ડુંગરી ગરાસિયા સમાજે તાલીમ વર્ગો શરૂ કર્યા

ગાંધીનગર, તા.૧૭

શ્રી ડુંગરી ગરાસિયા સેવા સમાજ ટ્રસ્ટ, ગાંધીનગર દ્વારા ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ અને ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા લેવાનાર પંચાયત તલાટી, નાયબ સેકશન અધિકારી અને નાયબ મામલતદાર જેવી વિવિધ સંવર્ગોની સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે ખાસ તજજ્ઞો દ્વારા તાલીમ વર્ગોનું મફતમાં આયોજન કરવામાં આવેલ છે.

તાલીમમાં ભાગ લેવા માંગતા સમસ્ત આદિવાસી સમાજના વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓએ તા. ૨૫-૪-૨૦૧૫ સુધીમાં જે તે વોર્ડના કારોબારી સભ્યોનો સંપર્ક કરી ફોર્મ મેળવી પોતાનો બાયોડેટા ભરી પરત જમા કરાવવા જણાવ્યું છે. તેમજ કન્વીનર ભરતભાઈ વી. મોડિયા, સે-૨-બી પ્લોટ નં. ૨૫૫/૨નો સંપર્ક કરવો.

ડુંગરી ગરાસિયા સમાજનો પસંદગી મેળો યોજાશે

ગાંધીનગર, તા.૧૭

શ્રી ડુંગરી ગરાસિયા સેવા સમાજ ટ્રસ્ટ, ગાંધીનગર દ્વારા જીવન સાથી પસંદગી મેળાનું આયોજન કરવામાં આવી રહેલ છે. મેળામાં ભાગ લેવા ઈચ્છતા સમસ્ત આદિવાસી સમાજના યુવક-યુવતીઓએ જે તે વોર્ડના કારોબારી સભ્ય પાસેથી ફોર્મ મેળવી ઉમેદવારની સંપૂર્ણ વિગતો ભરી ફોર્મ જે તે વોર્ડના કારોબારી સભ્યને તા. ૨૫-૪-૨૦૧૫ સુધીમાં જમા કરાવવા વિનંતી છે. કન્વીનર તરીકે કાન્તિભાઈ આર. ડામોરનો સંપર્ક કરવાનો રહેશે.

શ્રી અગિયાર ગોળ વણકર સમાજે આંબેડકર જયંતિ ઉજવી

ગાંધીનગર, તા. ૧૭

ભારત રત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મ જયંતિ તા. ૧૪-૪-૨૦૧૫ના ઉજવણી પ્રસંગે ડૉ. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને શ્રી અગિયાર ગોળ વણકર સમાજના અગ્રણી આગેવાન ઝવેરભાઈ ચાવડાની આગેવાની હેઠળ સંસ્થાના મંત્રી અને એડવોકેટ કે.આઈ. પટેલ, ડી.પી. પરમાર, ગોવિંદભાઈ રાઠોડ, મોહનલાલ લેઉવા, ગોવિંદભાઈ પરમાર, દિનેશચંદ્ર પરમાર, વિરચંદભાઈ પરમાર, જેઠાલાલ પરમાર, સી.ડી. રાઠોડ, નરોત્તમદાસ, મંગળદાસ, આર.ડી. મકવાણા, વિનોદભાઈ ચાવડા, સુરેશભાઈ કરવાલ, શ્રીમતી શારદાબેન, શ્રીમતી વિમળાબેન પટેલ, હરગોવિંદભાઈ વિગેરે મોટી સંખ્યામાં ભીમ ભાવિક નગરજનો જોડાયેલ અને ઝવેરભાઈ ચાવડાએ ડૉ. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને ફુલહાર પહેરાવી તેમને યાદ કરી તેમના અધુરા રહેલા કાર્યોને પુરા કરવા અને તેમને ચીંધેલા માર્ગે ચાલવા સર્વને અનુરોધ કર્યો હતો.

આજે રામેશ્વર મંદિરમાં આનંદનો ગરબો

ગાંધીનગર, તા.૧૭

રામેશ્વર મંદિર સેકટર-૩-ડીમાં શ્રીમતી ભાવનાબેન ગોકલાણીના મધુર કંઠે સવારે અગિયારથી અઢી વાગ્યા સુધી આનંદનો ગરબો યોજાશે. તથા બપોરે અઢી વાગ્યાથી સાંજ સુધી શિવકથાનું આયોજન કરેલ છે. તો સર્વેને લાભ લેવા માટે પ્રફુલ્લાબેને જણાવેલ છે.

જય સીયારામ આયોજિત સુંદરકાંડના પાઠનું આયોજન સેકટર-૪-એ પ્લોટ નં. ૧૨૪/૧ શ્રીમાન પિયુષભાઈ જોષીને ત્યાં રાત્રે ૮ થી ૧૦ કલાક સુધી શનિવારે તા. ૧૮મી એપ્રિલે યોજેલ છે.

ફ્રી રોલ બોલ કેમ્પનું આયોજન કરાયું

રોલ બોલ એસોસિએશન ઓફ ગુજરાત દ્વારા રોલ બોલ રમતે ફ્રી કેમ્પનું આયોજન કર્યુ છે. ફ્રી કેમ્પ તા. ૧૯ એપ્રિલના રોજ સવારે ૬.૩૦ થી ૮.૩૦ સુધી સેકટર-૮ સેંટ ઝેવિયર્સ સ્કુલ ખાતે યોજાશે. નગરના તમામ સ્કેટીંગ જાણતા ખેલાડીઓને કેમ્પનો લાભ લેવા ભાર્ગવ આયરે (મો. ૯૮૨૪૪૯૭૫૫૪) જણાવ્યું છે.

સ્ત્રી ભ્રૂણ હત્યા V/S સ્ત્રી સશકિતકરણ

અદબ પલાઠી મોં પર આંગળી
- ડૉ. સંતોષ દેવકર

"જીવન એ સંબંધોની પ્રક્રિયા છે સાધુ, તમે સન્યાસી હો, આ એક હકીકત છે. સંબંધ વિના જીવન નથી. તમે સમગ્ર સંસારથી, હોવાનપ્રસ્થ હો એક મનુષ્ય તરીકે સંબંધમાં આવ્યા. તેમાં છતાં તમે સંકળાયેલા છો, તમે બાળકો સાથે સંકળાયેલા છો, પતિ સાથે, તમે તમારી પત્ની સાથે, વિના તમે રહી શકો નહી, સંસાર ત્યજી ગયેલા સન્યાસી સાથે પણ તમે સંકળાયેલા છો; તમારી સરકાર સાથે સંકલાયેલા છો કારણ કે તમે તેને ખવડાવો છો તેથી માનવ અસ્તિત્વનો, સન્યાસી પોતાના વિચારો સાથે સંકળાયેલા છે." પાયો જ સંબંધ છે.

(માઈન્ડ વિધાઉટ મેનર્સ : માં જે. કૃષ્ણમૂર્તિ)

સિંહ બાળને નાનપણથી ઘેટાના ટોળામાં ઘેટાની જેમ ઉછેર મળે તો તે પણ ઘેટા જેવું બને. આપણા પુરુષ પ્રધાન સમાજે સિંહણ જેવી સ્ત્રીને અશિક્ષિત રાખીને, પગભર નહીં થવા દઈને, સમાનતા અને સ્વતંત્રતા નહિ આપીને, પુરુષ આધારિત રાખીને પામર-લાચાર બનાવી દીધી હતી. પરંતુ સિંહણ એવી સ્ત્રી તેનું પ્રતિબિંબ સ્થિર જળમાં જોઈ ગર્જના કરવાનું શીખે તો પોતાની શકિતઓનો અહેસાસ કરી શકે.

આ માટે જરૂરત છે સ્ત્રી જાગૃતિની, સ્ત્રી શિક્ષણની, આત્મવિશ્વાસની, સાથો સાથ જરૂરત છે પુરુષની સાચી સમજદારીની, ભાગીદારીની, સતત પ્રોત્સાહન આપીને નારી શકિતને ઉજાગર કરવાની.

● શું ગર્ભપાત એ હત્યા ગણાય?

નવ મહિના પોતાની માતાની કુખવાળા નિવાસમાં રહીને ગર્ભનો વૃધ્ધિ અને વિકાસ થતો રહે છે. બાળ જન્મના દિવસે તો તેની ઉંમર નવ માસની થઈ ગઈ હોય છે. હત્યા માટે ગર્ભના નાનકડા નિવાસ સ્થાનમાં કરાય કે બહાર મોટા નિવાસમાં કરાય, હત્યા તો હત્યા જ રહે છે. પૂર્વ સચિવ પી. કે. લહેરી નોંધે છે કે દેવદૂત જેવા તબીબી વ્યવસાય સાથે સંકળાયેલી કોઈપણ વ્યકિત વહાલના દરિયા સમી દીકરીના જીવનને કેમ ટૂંપો આપી શકે? જેના હાથમાં જીવનરક્ષાનું કૌશલ્ય છે તે કૌશલ્ય કોઈના મૃત્યુનું કારણ કેમ બની શકે ? વિકૃત સામાજિક મૂલ્યોના પરિબળોથી ઘેરાયેલી માતા આવા પ્રસંગે કેટલી વેદના અનુભવતી હશે? આ અંગે સમાજમાં જાગૃતિ આવે તો સાથે સમજણ વધે.

● સર્વોચ્ચ ન્યાયાલયનો અભિપ્રાય :

સ્ત્રી ભ્રૂણ હત્યા ઘાતકી છે, અમાનવીય છે અને સમસ્ત માનવજાત પર એક કલંક છે. આ કલંક નીવારવા માટે સૌ કોઈએ તન, મન, ધનથી સક્રિય પ્રયત્નો કરવા એ આપણા સૌની ફરજ છે. ગર્ભસ્થ શિશુની હત્યા કરવાની છૂટ જગતના કોઈ પણ ધર્મએ આપી નથી. **God alone can take life because he alone gives it.** વીલીઅમ્સ નામના નિષ્ણાત જણાવે છે કે 'વિજ્ઞાનની' ગતિની સાથે ભ્રૂણતો હવે માતાથી અલગ એક બીજી વ્યકિત છે કે જેને યોગ્ય પોષાણ તથા આવશ્યક હોય તો તબીબી સહાયની જરૂર છે. ગર્ભસ્થ શિશુની બીમારીના ઈલાજ પણ સફળતાપૂર્ક થઈ શકે છે."

માતા પિતાના પોતાના લોહીમાંથી આવિષ્કાર લઈ રહેલ પોતાની નાનકડી "તિકૃતિનો ગર્ભપાત દ્વારા હત્યા કરાવવાનો નિર્ણય કરનારાં મા-બાપે જાણી લેવું જોઈએ કે આ ક્રિયા દ્વારા તેમનાં જીવતા જાગતાં ચોકકસ પણે વિકસીત સંતાનની કેવી નિર્દયતાથી યાતના સભર હત્યા કરાય છે. આ સાચી વૈજ્ઞાનિક પ્રકિયાની માહિતી પતિ-પત્નિને મળે તો તેઓ ગર્ભપાત કરાવવા હરગીઝ તૈયાર થાય નહિ. આ સંદર્ભમાં ડૉ. વિનુભાઈ પટેલે ઓકટોબર ૨૦૦૪ માં એક પુસ્તક પ્રકાશિત કરેલું જેની ત્રીજી આવૃત્તિપણ થયેલી છે. આ પુસ્તકમાં તેમણે સ્ત્રીભ્રૂણહત્યા, સ્ત્રી સશકિતકરણ અને સ્ત્રી હકક માટેની કાનૂની જોગવાઈની વિસ્તૃત છણાવટ કરી છે. આ પુસ્તક વાંચવા જેવું છે. મનુસ્મૃતિમાં કહેવાયું છે.

યત્ર નાર્યસ્તુ પૂજયન્તે રમન્તે તત્ર દેવતા :
યત્રૈતાસ્તુ ન પૂજયન્તે સર્વાસ્તફલા: ક્રિયા:

એટલે કે જયાં સ્ત્રીઓને માન અને આદર અપાય છે ત્યાં સઘળાં દેવો નિવાસ કરે છે અને જયાં તેમની પૂજા નથી થતી ત્યાં સઘળી ક્રિયાઓ નિષ્ફળ થઈ જાય છે.

સ્ત્રીસશકિતકરણ માટે સ્ત્રી શિક્ષણ આવશ્યક જ નહિ પરંતુ અનિવાર્ય છે. શિક્ષણથી જ જ્ઞાનની ક્ષિતિજો વિસ્તરે છે, વિચારશકિત ખીલે છે, વિવેક બુધ્ધિ વિકસે છે. શિક્ષણ વિકાસ માટેનો રાજમાર્ગ છે. શિક્ષણથી સ્વનો વિકાસ અને સહુ કોઈ સાથેની સંવાદિતા સાધી શકાય છે એટલે જ કહયું છે કે સા વિદ્યા યા વિમુકતયે - મુકિત અપાવે એજ સાચી વિદ્યા. સુખમય-સ્વસ્થ જીવન જીવવાની કળા હસ્તગત કરતાં શીખવે તે શિક્ષણ. જેમ પ્રકાશ વગર સમસ્ત સૃષ્ટિ અંધકારમય છે. તેમ શિક્ષણ વગર માનવ જીવન પણ અંધકારમય બની જાય છે. સ્ત્રીમાં છુપાઈ રહેલી-સુશુપ્ત શકિતઓને ખીલવવા અને સ્ત્રીના અપ્રગટ ગુણોને પ્રગટ કરવા માટે પૂરતી તકો આપીને, સ્ત્રીમાં ચેતના પ્રગટાવવાની પ્રક્રિયા એટલે સ્ત્રીસશકિતકરણ. "ભારતમાં મહિલાને માતૃશકિત અને દેવીશકિત તરીકે સદીઓથી પ્રસ્થાપિત કરવામાં આવી છે." મહિલાને નારાયણી સ્વરૂપે પશ્ચિમી દેશો જોવા તૈયાર નથી. ભારતમાં મહિલાઓને પ્રથમથીજ મતાધિકાર અપાયો છે." - પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી

● કુટુંબનો મહિમા અને સ્ત્રીસશકિતકરણ :

નવાં પરણેલા દંપતી એકબીજા પ્રત્યે અદમ્ય અનુરાગ અનુભવતાં હોય છે. જીવનસાથી જેટલાં સમજુ-સમાન-શિક્ષિત અને નિપુણ તેટલું તેમનું લગ્નજીવન સંપૂર્ણ અને સંપન્ન.

કુટુંબ સમાજનું મુખ્ય એકમ ગણાય છે. કુટુંબ એટલે પતિ-પત્ની અને તેમનાં સંતાનોનું એક જૂથ. કુટુંબ અનેસમાજ એ સામાજિક સંબંધોનું ગુંફન છે. જે પરિવર્તન પામતું રહે છે. આમ માનવસમ